ધૈર્ય, ધર્મ, મિત્ર અને પત્ની
આ ચારેયની કસોટી વિપત્તિ
સમયે જ થાય છે
- ગોસ્વામી તુલસીદાસ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર




Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧૮ | ૮ જુલાઇ, ૨૦૧૩, સોમવાર; જયેષ્ઠ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જિલ્લાના ૧૫૬ મતદાર વિભાગોમાં મહિલા મતદારો ઓછા

## દહેગામ, કલોલ અને ગાંધીનગરમાં આવા મતદાર વિભાગોની સંખ્યા ૩૦ થી ૬૦ ની વચ્ચે છે : યુવા મતદારોની સંખ્યા પણ વસ્તીના પ્રમાણમાં ઓછી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ૧૫૬ જેટલા મતદાર વિભાગો એવા છે જ્યાં મહિલા મતદારોની સંખ્યા પુરૂષ મતદારો કરતાં ઓછી જણાઈ છે એટલુ જ નહિ રાજ્યની સરેરાશ મહિલા દર હજાર પુરૂષે ૯૨૦ જોઈએ તેના કરતાં પણ આ મતદાર વિભાગોમાં ઓછી સંખ્યા જણાતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણાની હાથ પર લેવાયેલી કામગીરીમાં તંત્ર સમક્ષ આ ચોંકાવનારી હકીકત બહાર આવી છે.

જિલ્લામાં પાંચ વિધાનસભા મત વિસ્તારો છે. જેમાં ૧૫૬ મતદાર વિભાગોમાંથી મહિલા મતદારોની સંખ્યા ૯૨૦ કરતાં પણ ઓછી નોંધાઈ છે તેમાં સૌથી વધુ દહેગામ વિધાનસભા મત વિસ્તારમાં ૬૦ ભાગ છે. ગાંધીનગર (ઉ)માં ૩૬ ભાગ, કલોલમાં ૫૨ ભાગ અને માણસામાં ૩ તથા ગાંધીનગર (દ)માં પાંચ ભાગનો સમાવેશ થાય છે.

વિધાનસભા મત વિસ્તારના જે ભાગોમાં મહિલા મતદારોની સંખ્યા રાજ્યની સરેરાશ કરતાં પણ ઓછી નોંધાઈ છે ત્યાં આ નવી ઝુંબેશ દરમ્યાન વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવાનો તંત્રએ નિર્ણય કર્યો છે. આ માટે વિધાનસભા મતદાર નોંધણી અધિકારી અને બુથ લેવલ અધિકારીઓ સાથે બેઠકો પણ યોજવામાં આવી છે.

તંત્રએ મતદારયાદી સુધારણાને સઘન બનાવવા માટે પ્રથમવાર સખી મંડળ, આશા કાર્યકરો, સસ્તા અનાજની દુકાનોના સંચાલકોને જોડવાનો નિર્ણય કર્યો છે અને આ લોકો જેમના નામ મતદારયાદીમાં દાખલ થયા નથી તેમની યાદી તૈયાર કરશે. આ પછી આ યાદી બી.એલ.ઓ.ને પણ આપવામાં આવશે. બી.એલ.ઓ. ચકાસણી કરી આ નામો દાખલ કરવા માટેની કાર્યવાહી કરશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે લોકસભાની ચૂંટણી પૂર્વે જિલ્લાના પાંચેય વિધાનસભા મતદાર મંડળોની ફોટાવાળી મતદારયાદી તૈયાર કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. માણસા વિધાનસભા મતદાર વિભાગની યાદી ૧૦૦ ટકા ફોટાવાળી થઈ ચુકી છે. ગાંધીનગર અને અન્ય વિભાગોમાં આ કામગીરી ૯૮ ટકાની આસપાસ છે તે પણ

● અનુસંધાન પાના-૭ પર

# આજથી જિલ્લામાં પંચાયતોના દફતર ચકાસણીની ખાસ ઝૂંબેશ

## પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા ૪૬ ગામોમાં આ ઝૂંબેશ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૭

પાંચ હજારથી વધુ વસ્તી ધરાવતા જિલ્લાના ૪૬ ગામોની ગ્રામ પંચાયતોના દફતરની ચકાસણી આગામી ૮મી જુલાઈથી હાથ ધરવામાં આવશે.

પંચાયતોમાં દ્વિનોંધી નામા પદ્ધતિ અમલમાં મુકવામાં આવેલ છે. પંચાયતોના આ દફતરની ચકાસણી માટે ૮ જેટલી ટીમો જિલ્લાતંત્ર દ્વારા બનાવવામાં આવી છે. મળતી વિગતો મુજબ ૮મી જુલાઈથી શરૂ થતો આ દફતર ચકાસણીનો કાર્યક્રમ માર્ચ-૨૦૧૪ સુધી ચાલશે. આ દફતર ચકાસણીનો સીધો અહેવાલ ટીમોએ તેજ દિવસે જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આપી દેવાનો રહેશે.


તંત્રએ જે ૮ ટીમો બનાવી છે તેમાં જિલ્લા કક્ષાના ૩૨ અધિકારીઓનો સમાવેશ કરવામાં આવ્યોછે. સંપૂર્ણ દફતર ચકાસણી આ ટીમોએ કરવાની રહેશે એટલું જ નહિ પણ ગામમાં વસુલાતનું પ્રમાણ કેવુ છે તેમજ સરકારની યોજનાઓના અમલીકરણની કામગીરીનું પણ મૂલ્યાંકન કરવાનું રહેશે.

આ ટીમ જ્યારે દફતર ચકાસણી માટે જાય ત્યારે સર્કલ ઈન્સ્પેક્ટર, તાલુકા વિસ્તરણ અધિકારી અને તલાટીએ ફરજીયાત ગ્રામ પંચાયત ખાતે હાજર રહેવાનું રહેશે. દફતર ચકાસણીની આ ઝુંબેશને પંચાયતી રાજમાં મહત્વની લેખવામાં આવે છે.



ટહૂકા કરતો જાય મોરલો... બે દિવસ પહેલા મસ્ત વરસાદ એનો નારિયેળના પાણી જેવો વરસાદ આપી ગયો અને આખા શહેરની રોનક લીલીછમ્મ બની ગઈ... ગાંધીનગરનો વસવાટ આગલા જન્મે જેમણે આખા ચોખે મહાદેવ પૂજ્યા હોય એને જ મળે, ખાત્રી ના થતી હોય તો 'જ' રોડ પર ચ-૦, ઈન્દ્રોડા પાર્ક, સરિતા ઉદ્યાન, સંસ્કૃતિકુંજ, પૂનીતવન, અક્ષરધામથી છેક વનચેતના કેન્દ્ર એક આંટો મારી આવો.... કુદરત નવોઢાની જેમ લીલા શાલુમાં સજીને ઉભી છે. વૃક્ષો નાહી ધોઈને ઉજળેવાન બન્યા છે. જમીન પર લીલો ગાલીચો પથરાઈ ગયો છે... પક્ષીઓ એમનાં મધુરા અવાજમાં વરસાદને વધાવતા સ્વાગત ગીત ગાઈ રહ્યા છે અને ભારતનું રાષ્ટ્રીય રંગબેરંગી પક્ષી મોર થૈ થૈ નાચી રહ્યો છે... ટહૂકા કરતાં અને નાચતાં મોરલાઓ આખા રસ્તા પર કુદરતને પ્રેમ કરનારાઓને એમની કળાનું રસપાન કરાવી રહ્યા છે અને બાજુમાંથી પસાર થતી રિક્ષામાં મોટા અવાજે 'ટહૂકા કરતો જાય મોરલો' વાગી રહ્યું છે એ પણ એક યોગાનુયોગ જ કહેવાય ને !! (તસવીર : સંજય થોરાત)

# રથયાત્રાના પગલે કડક સુરક્ષા



અમદાવાદ,તા. ૭

જગન્નાથ રથયાત્રા આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહી ગયા છે ત્યારે જગન્નાથ મંદિર અને આસપાસના વિસ્તારો છાવણીમાં ફેરવાઈ ગયા છે. સુરક્ષા જવાનોએ જુદી-જુદી જગ્યાઓએ મોર્ચા સંભાળી લીધા છે. બિહારના બોધગયામાં સિરીયલ બ્લાસ્ટ થયા બાદ સુરક્ષા સંસ્થાઓએ વધુ તકેદારી રાખી છે. આગામી ચાર દિવસમાં રથયાત્રા માટે મોટી સંખ્યામાં જવાનો તૈનાત કરવામાં આવશે. ૮૦૦૦૦ પોલીસ જવાનો રાજ્યમાં રથયાત્રામાં તૈનાત રહેશે. રાજ્યમાં ૧૦મી જુલાઈના દિવસે ૧૩૨ નાની અને મોટી રથયાત્રા યોજાશે. અષાઢી

● અનુસંધાન પાના-૭ પર

# ધારાસભ્યોએ સૂચવેલા વિકાસના ૯૩ કામો ટલ્લે ચઢ્યા..!

## બારમી વિધાનસભાના સભ્યોએ આયોજન મંડળમાં જિલ્લાતંત્રના સૂચવેલા ૬૦ કામો ત્રણ વર્ષથી અટવાયા છે : નવા ધારાસભ્યોએ હજુ કામો સૂચવ્યા નથી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં જિલ્લાતંત્રએ સૂચવેલા રૂ. ૧.૫૦ કરોડના વિકાસ કામો મંત્રીશ્રીએ નામંજૂર કર્યાનો વિવાદ હજુ શમ્યો નથી ત્યાં જિલ્લા આયોજન મડંળમાં વિકાસના કામો જે ધારાસભ્યોએ ગત વિધાનસભાના હતા તેમણે સૂચવેલા કામો પણ હજુ સુધી હાથ નહિ ધરાયાની ચોંકાવનારી હકીકતો બહાર આવવા પામી છે.

આયોજન મંડળ દ્વારા નિકાલના કામો જે હાથ ધરી શકાય તેવા ન હોય તેવા કામો એક તબક્કે પડતા મુકવાનો આગ્રહ પણ કરવામાં આવ્યો હતો. ધારાસભ્યોએ જ સૂચવેલા કામો હાથ પર લેવામાં તંત્રની ઉદાસીનતાને લઈ જિલ્લામાં રાજકીય કિન્નાખોરી દાખવવામાં આવતી હોવાનો આક્ષેપ કોંગ્રેસના આગેવાનો કરી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં વિકાસના કામો આયોજન મંડળે મંજૂર કર્યા હોય તેવા ૧૫૫ થી પણ વધુ કામો આજે અટવાયેલા પડ્યા છે. જેમાં ધારાસભ્યોએ સૂચવેલા ૯૩ જેટલા કામોનો પણ સમાવેશ થાય છે.

જિલ્લામાં ધારાસભ્યો દ્વારા તેમના વિસ્તારમાં વિકાસના કામો હાથ ધરી શકે તે માટે સરકાર દર વર્ષે રૂ. ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવે છે. ગત વિધાનસભાના સભ્યોએ સૂચવેલા ૯૩ કામો હજુ શરૂ થયા નહિ હોવાનું જાણવા મળેલ છે.

ખાસ કરીને ગાંધીનગર અને કલોલ વિધાનસભાના સભ્યોએ સૂચવેલા કામો શરૂ થયા નહિ હોવાનું જાણવા મળેલ છે. મળતી હકીકતો મુજબ આ ૯૩ કામો પૈકી ૫૦ જેટલા કામોને તંત્રએ પ્રાથમિક મંજૂરી આપી દીધી છે તો અન્ય કામોના હજુ નકશા-અંદાજો પણ તૈયાર કરવામાં તંત્રની ઉદાસીનતા જોવા મળી રહી છે.

મળતી વિગતો મુજબ આયોજન મંડળમાં છેલ્લા ત્રણ વર્ષથી સ્પીસ ઓવર થતા આવતા કામોની સંખ્યા પણ ૬૦ ની છે. જેમાં ૨૦૧૦-૧૧ના ૪, ૨૦૧૧-૧૨ ના ૨૭ અને ૨૦૧૨-૧૩ના ૨૯ કામોનો સમાવેશ થાય છે. સરકાર એક તરફ વીજળીકરણના કામોને અગ્રતા આપવાની વાત કરે છે તો બીજી તરફ સભ્યો દ્વારા યા તંત્ર દ્વારા રજુ થયેલા આવા કામો હજુ અટવાયેલા પડ્યા છે.

જિલ્લામાં કલેકટર તરીકે નિમણુંક પામ્યા બાદ ડૉ. સ્વરૂપે આયોજન મંડળના વિકાસ કામોમાં ગતિ લાવવા માટે ભારે પ્રયાસો હાથ ધર્યા હતા પરંતુ પાછુ તંત્ર ગોકળગતિમાં આવી ગયું છે. જિલ્લામાં વિકાસના કામો જે રીતે અટવાઈ રહ્યા છે તેનાથી પ્રજામાં ખોટી છાપ તંત્ર વિશે ઉભી થઈ રહી છે.

તેરમી વિધાનસભાના સભ્યોએ હજુ તેમના વિસ્તારમાં વિકાસના કામો સૂચવ્યા નહિ હોવાનું પણ જાણવા મળેલ છે. ત્રણ માસ વિતી ગયા છતાં સભ્યોએ પણ આમાં ઉદાસીનતા દાખવી છે.

